# ગુજરાત ક્વીઝ (10)

271 ગુજરાતમાં સૌપ્રથમ કઇ યુનિવર્સિટી સ્થાપના થઇ હતી?
Ans: મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી

272 ગુજરાતનો કયો જિલ્લો સૌથી વધુ વસતી ગીચતા ધરાવે છે?
Ans: ગાંધીનગર

273 ગુજરાતના કયા ઉદ્યોગપતિએ IIM-Aની સ્થાપના કરી?
Ans: કસ્તુરભાઇ લાલભાઇ

274 સ્વતંત્ર ગુજરાતની રચના માટે કયું આંદોલન થયું હતું ?
Ans: મહાગુજરાત આંદોલન

275 ગીર અભ્યારણમાં જો સિંહ ન હોત તો પણ તે વનવિસ્તાર અન્ય કઇ વન્યસૃષ્ટિની વૈવિધ્યતા માટે પ્રખ્યાત હોત? Ans: પક્ષીસૃષ્ટિ

276 ગુજરાતમાં પ્રથમ રેલવે કયા બે સ્ટેશનો વચ્ચે શરૂ થઈ હતી ?
Ans: ઉતરાણ-અંકલેશ્વર

277 કચ્છમાંથી મળી આવેલા કરોડો વર્ષ જૂના અશ્મીઓને સાચવતું વિઠોર ફોસીલ પાર્ક કયાં આવેલું છે?
Ans: માંડવી

278 પવિત્ર યાત્રાધામ ડાકોરના મંદિર પાસે કયું તળાવ આવેલું છે?
Ans: ગોમતી તળાવ

279 આદિવાસી લોકકળા અને આદિવાસી સંસ્કૃતિ વિશે જાણકારી આપતું સાપુતારા આદિવાસી મ્યુઝિયમ કયા જિલ્લામાં આવ્યું છે? Ans: ડાંગ

280 ગુજરાતમાં લાલ રંગનો ડોલેમાઇટ આરસ કયાં મળે છે ?
Ans: છુછાપુરા

281 ગુજરાતી સાહિત્યમાં 'આખ્યાનનો પિતા' કોણ ગણાય છે ?
Ans: કવિ ભાલણ

282 અમદાવાદમાં સાબરમતી નદી પર આકાર લઇ રહેલી મહાત્વાકાંક્ષી યોજના રીવર ફ્રન્ટની કુલ લંબાઇ કેટલી છે? Ans: ૧૨.૫ કિ.મી.

# ગુજરાત ક્વીઝ (10)

283 ડાંગમાં દર વર્ષે યોજાતો આદિવાસીઓનો ઉત્સવ કયા નામે ઓળખાય છે?

Ans: ડાંગ દરબાર

284 ભારતીય પ્રાચીન સાંસ્કૃતિક વારસો અને તેનો મહાન વૈભવ ‘દર્શક’ ના કયા ગ્રંથમાં આલેખાયેલો છે?

Ans: આપણો વારસો અને વૈભવ

285 ‘ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના...’ રચના કોની છે ?

Ans: નિષ્કુળાનંદ સ્વામી

286 ‘જયભિખ્ખુ પુરસ્કાર’ ગુજરાત સરકાર તરફથી શેના માટે એનાયત કરવામાં આવે છે?

Ans: માનવકલ્યાણના ક્ષેત્રે ઉમદા પ્રવૃત્તિ કરવા બદલ

287 અમરેલી જિલ્લાના કાઠી વસ્તીવાળા ગામોમાં કયું ભરત વધુ ભરાય છે ?

Ans: મોતી ભરત

288 સંત ધોરા ભગતના પદો કયા નામથી જાણીતા હતા?

Ans: કાફી

289 કવિ નર્મદે કયા સામયિક દ્વારા સમાજ સુધારાની દાંડી પીટી હતી?

Ans: ડાંડિયો

290 વર્તમાન સમયનો કયો કેન્દ્ર શાસિત પ્રદેશ ઇ.સ. ૧૫૩૫માં બહાદુર શાહ દ્વારા પોર્ટુગીઝોને સોંપી દેવામાં આવ્યો હતો? Ans: દિવ

291 હિંદની પ્રજાને સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય કરવા માટે ગાંધીજીએ ભારતમાં સૌપ્રથમ કયું ગુજરાતી અખબાર શરૂ કર્યું? Ans: નવજીવન

292 ગુજરાતમાં વિકસેલી કઇ જાણીતી લોકનાટ્યકળાનું નામ સંસ્કૃત શબ્દ ‘ભવ’ પરથી ઉતરી આવ્યું છે?

Ans: ભવાઇ

293 ચાંપાનેરની ઐતિહાસિક સાઈટ્સને યુનેસ્કોએ કેવી જાહેર કરી છે ?

Ans: વર્લ્ડ હેરીટેજ સાઈટ

294 ‘દર્શક’નું કયું ત્રિઅંકી નાટક મહાભારત પર આધારિત છે?

Ans: પરિત્રાણ

# ગુજરાત ક્વીઝ (10)

295 એશિયાખંડની સૌથી મોટી સહકારી ડેરી કયાં આવેલી છે ?

Ans: આણંદ

296 કયા રાજવીએ અસ્પૃશ્ય વિદ્યાર્થીઓ માટે બે છાત્રાલયોનું નિર્માણ કરાવી, તેઓ દેશમાં અને વિદેશમાં ભણી શકે તે માટે સ્કોલરશીપની વ્યવસ્થા કરી આપી હતી?

Ans: મહારાજા સયાજીરાવ ગાયકવાડ

297 બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાનું કોઇ એક ઉપનામ જણાવો.

Ans: બાલ

298 વસતીની દૃષ્ટિએ ગુજરાતનું સૌથી મોટું શહેર કયું છે ?

Ans: અમદાવાદ

299 શાળાએ જતા બાળકોને વિમા કવચ પૂરું પાડતી ગુજરાત સરકારની યોજનાનું નામ જણાવો.

Ans: વિદ્યાદીપ યોજના

300 હિંદી ફિલ્મોના જાણીતા ગુજરાતી અભિનેતા સંજીવકુમારનું મૂળ નામ શું હતું?

Ans: હરિલાલ જરીવાલા